PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૯/કવા–૦૧/૧૭–૧૮/ ૫૫૬૪ તા. ૨૮/૦૬/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
કાદર મોહમદ ઘમેરીયા,
રબારી વાડા,
નગીની વાડી
માંગરોલ
મો: ૯૭૧૪૦૭૨૫૧૩

**વિષય :–નવા ખેતીવાડી વીજજોડાણ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૬–૦૫–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૯/કવા–૦૧/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.- 3...)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ,માંગરોલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર પેટા વિભાગીય કચેરી, માંગરોળ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01/A

ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૩૯/ક્વા–૦૧/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૧૬–૦૬–૧૭ સ્થળ : જુનાગઢ

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: કાદર મોહમદ ઘમેરીયા, ગામ: જુનાગઢ

રજુઆત કરનાર: અરજદાર શ્રી કાદર મોહમદ ઘમેરીયા હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : શહેર પેટા વિભાગીય કચેરી, માંગરોળ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ,માંગરોલ)

રજુઆત કરનાર :એચ.એમ.શાહ (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી ,માંગરોલ)

: હુકમ :

ફરીયાદ : નવા ખેતીવાડી વીજજોડાણ બાબત

મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના પિતાશ્રી ના નામના, નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી મંજુર થતા, પીજીવીસીએલ તરફથી મળેલ મંજુરી ના, રૂ.૭,૪૩૫/– ની રકમ ના, તા.૦૬–૦૨–૧૭ ના ભાવપત્રકનં: ૨૩૪ ની રકમ તેઓએ તા.૧૪–૦૨–૧૭ ના રોજ, પીજીવીસીએલ મા ભરપાઈ કરી અને ટેસ્ટ રીપોર્ટ પણ રજુ કરી આપેલ છે. પરંતુ, જોડાણ આપવાની કોઈ કાર્યવાહી થયેલ ન હોવાથી, તેઓએ પીજીવીસીએલ ની સબંધક એવી શહેર પેટા વિભાગીય કચેરી માંગરોળના જવાબદાર એવા નાયબ ઈજનેર શ્રી ને રજુઆત કરેલ હતી. જેના અનુસંધાને, સદર કચેરી ના જુનીયર ઈજનેર શ્રી કાજી, જે તા.૦૩–૦૫–૧૭ ના રોજ સ્થળ પર આવેલ હતા. અને શ્રી કાજી સાહેબે, ફરીયાદી અરજદાર શ્રી ને, મોબાઈલ નંબર: ૯૭૧૪૦ ૭૨૫૩૧ પર જાણકારી આપી અનેસ્થળ પર રૂબરૂ બોલાવેલ હતા. અને ' મંજુર કરાયેલ જોડાણ ચાલુ કરવા માટે રૂ.૨૫,૦૦૦/– ની રીશવત ની '' માંગણી કરેલ હતી. આ જુનીયર ઈજનેર શ્રી કાજી એ, અગાઉ રૂ.૨૦,૦૦૦/– ની રીશવત ની માંગણી કરેલ હતી. જે તેઓએ મંજુર ન રાખતા, શ્રી કાજી વિરૂધ્ધ લેખીત ફરીયાદ કરેલ હતી. શ્રી કાજી એ ફરીયાદી અરજદાર શ્રી ને આપેલ સ્પષ્ટતા મુજબ, '' આ ફરીયાદ ના અનુસંધાને જ હવે રૂ.૨૦,૦૦૦/– ને બદલે રૂ.૨૫,૦૦૦/– ની રકમ મળશે તો જ, જોડાણ મળશે. '' તેવી સ્પષ્ટતા કરેલ હતી. છતા, અરજદાર શ્રી એ સદર રીશવત પીજીવીસીએલ ના જુનીયર ઈજનેર શ્રી કાજીને આપેલ નથી. આમ, તેઓનુ મંજુર કરાયેલ જોડાણ, જે – મુળ સર્વે નંબર અને મુળ તાંત્રીક મંજુરી મુજબ ની વીજલાઈન માથી આપવા યોગ્ય હોવા છતા, પીજીવીસીએલ તરફથી, સદર બાબત ને નિયમાધીન રહીને, જોડાણ આપવાની કોઈ કાર્યવાહી, જે રીશવત ના કારણોસર જ ન થયેલ નથી. જેથી, સદર કેઈસ મા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના પિતાશ્રી ના નામના, નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી, જે મંજુર થતા, અરજદાર શ્રી તરફથી, સદર જોડાણ ને મળેલ મંજુરી ના, રૂ.૭,૪૩૫/– ના ભાવપત્રકનં: ૨૩૪ ની રકમ ના, તા.૧૪–૦૨–૧૭ ના રોજ, પીજીવીસીએલ મા ભરપાઈ કરી અને ટેસ્ટ રીપોર્ટ પણ રજુ કરી આપેલ હતો. જેથી, પીજીવીસીએલ ની સબંધક એવી શહેર પેટા વિભાગીય કચેરી તરફથી, મંજુર કરાયેલ વીજલાઈન ઉભી કરવાની કામગીરી – જે નજીક ના ઈન્ફ્રાસ્ટ્રકચર એવા, '' શ્રી આદમ સુલેમાન પીર ના હૈયાત ૧૦ કેવીએના ટ્રાન્સફોર્મર માથી, ટેપીગ લઈ અને ૭૦ મીટર ની એચ.ટી.લાઈન – જે હાશમભાઈ મહમદભાઈ પીર ના ખેતર ના શેઢે ઉભી કરી – અને તે મુજબ ફરીયાદી અરજદાર શ્રી ને, જોડાણ આપવા સબબ ની, વીજલાઈન ઉભી કરવાની કામગીરી '' હાથ ધરાયેલ હતી. |

| | |
|---|---|
| **૨.૨** | પરંતુ, ઉપરોકત મુજબ ની વીજલાઈન ઉભી કરવાની કામગીરી સમયે, અરજદાર શ્રી ના પડોશી એવા શ્રી આદમ સુલેમાન પીર દ્વારા, સદર વીજલાઈન ઉભી કરવા સામે નો, વિરોધ નોંધાયેલ હતો. અને, વીજલાઈન ઉભી કરવાની કામગીરી અટકાવી દેવામા આવેલ હતી. વાંધેદાર ની સદર, લેખીત વાંધા અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ ની સબંધક,કચેરી તરફથી, '' સક્ષમ એવા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સમક્ષ '' કેઈસ દાખલ કરાયેલ હતો. હાલ ના તબ્બકે, સદર વાંધા કેઈસ, જે નામદાર '' સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ– કેશોદ '' સમક્ષ ન્યાયિક કાર્યવાહી હેઠળ પડતર છે. સદર બાબતે, ફરીયાદી અરજદાર શ્રી તરફથી વારંવાર પીજીવીસીએલ ની, સબંધક કચેરીઓ, તેમજ જીલ્લા મેજીસ્ટ્રેટ સમક્ષ કરાયેલ અરજીઓના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી, '' ફરીયાદી અરજદાર શ્રી ના નવા જોડાણ બાબતે નો – સદર વાંધા કેઈસ – જે હાલ ના તબ્બકે, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ– કેશોદ સમક્ષ પડતર હોવા '' બાબતે ની જાણકારી પણ, '' પીજીવીસીએલ ની સબંધક શહેર પેટા વિભાગીય કચેરી માંગરોલ તરફથી '' જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી ને, પત્ર ક્રમાંક : ૯૨૩, તા.૧૯–૦૫–૧૭ થી પણ અપાયેલ છે. આમ, અરજદાર શ્રી ના સદર નવા જોડાણ સામે ના વાંધા કેઈસ, જે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ– કેશોદ સમક્ષ પડતર હોય, હજુ સુધી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ– કેશોદ તરફથી હુકમ થયેલ ન હોય, આવા કારણોસર, અરજદાર શ્રી ને માંગણી મુજબ નુ, નવુ જોડાણ આપવા સબબ ની વીજલાઈન ઉભી કરવાની કોઈ કામગીરી કરાયેલ નથી. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ના, શહેર પેટા વિભાગીય કચેરી માંગરોલ કક્ષાએ, પેઈડ પેન્ડીગ હેઠળ પડતર રહેલ એવા સવાલવાળા નવા ખેતીવાડી વીજજોડાણ ની, મંજુરી સબબ ની, વીજલાઈન ઉભી કરવાની કામગીરી સમયે, અરજદાર શ્રી ના પડોશી એવા શ્રી આદમ સુલેમાન પીર દ્વારા – સદર વીજલાઈન ઉભી કરવા સામે નો, વિરોધ દર્શાવતી એવી લેખીત વાંધા અરજી, જે અગાઉ પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુ થયેલ હતી. જેથી, જે તે સમયે, વીજલાઈન ઉભી કરી અને જોડાણ ને ચાલુ કરવાની કોઈ કામગીરી પીજીવીસીએલ તરફથી થઈ શકેલ નથી. અરજદાર શ્રી ને, આ મુજબ ની, જાણકારી આપવા સબબ નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૨** | હાલ ના તબ્બકે, ફરીયાદી અરજદાર શ્રી ના પડોશીઓનો સદર વાંધા કેઈસ, જે નામદાર '' સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ– કેશોદ '' સમક્ષ ન્યાયિક કાર્યવાહી હેઠળ પડતર છે. હજુ સુધી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ– કેશોદ તરફથી હુકમ થયેલ ન હોય, આવા કારણોસર, અરજદાર શ્રી ને માંગણી મુજબ નુ, નવુ જોડાણ આપવા સબબ ની વીજલાઈન ઉભી કરવાની કોઈ કામગીરી પીજીવીસીએલ તરફથી કરાયેલ નથી. અરજદાર શ્રી ને આ મુજબ ની જાણકારી, આપવા સબબ નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૩** | સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ– કેશોદ સમક્ષ ન્યાયિક કાર્યવાહી હેઠળ પડતર હોય એવા કેઈસો ના નિકાલ ની કામગીરી, જે નામદાર જીઈઆરસી ના નોટીફિકેશન નં. –૦૨/૨૦૧૧ ( ફોરમ રેગ્યુલેશન)ના મુદદા નં.૨.૩૦(i) મા કરાયેલ જોગવાઈ મુજબ, અત્રેના ફોરમ ના સતાક્ષેત્ર મા સમાવિષ્ટ નથી. આવા કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી ની સવાલવાળી ફરીયાદ અરજી પરત્વે, અત્રેના ફોરમ તરફથી કઈ કરવાનુ રહેતુ ન હોય, આવા કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી ની સદર અરજી, અત્રેના ફોરમ કક્ષાએથી દફતરે કરાયેલ છે. અરજદાર શ્રી ને, આ મુજબ ની, જાણકારી આપવા સબબ નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

મુદ્દા નં.-૪ : **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧, ૩.૨ અને ૩.૩ મુજબ ની વિગતે ની જાણકારી, અરજદાર શ્રી ને આપવા સબબ નો હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.**